માલિક, મુદ્રક, પ્રકાશક : ગોંડલીયા વર્ષાબેન જયસુખભાઈ, તંત્રી : ગોંડલીયા પૂજાબેન જયસુખભાઈ ● VOLUME-15 ● ISSUE - 21 ● તા.૨૭-૦૮-૨૦૨૬, ગુરૂવાર ● પાના : ૪ ● કિંમત : બે રૂપિયા

સમસ્યા આપની સંઘર્ષ અમારો

અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, ગાંધીધામ પહોંચતુ એક માત્ર સાપ્તાહિક...

લોક ભાસ્કર

ન્યાય ક્ષેત્ર અમદાવાદ રહેશે

રજી.કાર્યાલય: HO.-B - 5,જ્યોતિધામ રેસીડેન્સીયલ,શીંગરવા,અમદાવાદ - ૩૮૨૪૩૦ (ગુજરાત) RNI No. GUJGUJ/2012/43047 મો.૯૭૨૫૧ ૭૦૮૦૦, ૯૮૨૫૨ ૧૩૦૨૬



૧૦૫ ભારતીય સહિત ૩૫૦થી વધુ લોકો ગુમ, રેસ્ક્યૂમાં જોડાયા હેલિકોપ્ટર

યુપીના મહારાજગંજ-કુશીનગરમાં પૂરનો ખતરો, બિહારમાં પણ એલર્ટ, અધિકારીઓ-એજન્સીઓને સતર્ક રહેવા સૂચના



નેપાળ : રાસુવા જિલ્લામાં અચાનક આવેલા પૂરને પગલે પરિસ્થિતિ ગંભીર બની છે. નેપાળ ટુરિઝમ બોર્ડના જણાવ્યા અનુસાર ૧૦૫ ભારતીય પ્રવાસીઓ સહિત ૩૦૦થી વધુ પ્રવાસીઓ અને હાઈકર્સ હજુ પણ ગુમ છે. અત્યાર સુધીમાં ૮ લોકોના મોત થયાના અહેવાલ છે. બચાવ અને રાહત કામગીરી માટે ૧૫ હેલિકોપ્ટર તૈનાત કરવામાં આવ્યા છે. બુધવારે સવારે ભોટેકોશી નદીમાં અચાનક પાણીનું સ્તર વધવાથી તિમુર બજાર અને રાસુવા કસ્ટમ વિસ્તારમાં વ્યાપક નુકસાન થયું હતું. પૂરના પ્રવાહ અનેક વાહનો તણાઈ ગયા છે.૧૩ જળવિદ્યુત પ્રોજેક્ટ્સને પણ અસર થઈ છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ કામગીરી ચાલુ છે.

પ્રવાસન અને ટ્રાવેલ કંપનીઓના પ્રાથમિક રેકોર્ડ મુજબ અસરગ્રસ્ત વિસ્તારોમાંથી ૩૮૪ પ્રવાસીઓ ગુમ થયા હોવાના અહેવાલ છે. આમાં ૨૯૧ વિદેશી નાગરિકો અને ૯૩ નેપાળી નાગરિકોનો સમાવેશ થાય છે. આ આંકડા ટ્રાવેલ એજન્સીઓ, ગાઈડ્સ, સ્થાનિક અધિકારીઓ અને સુરક્ષા એજન્સીઓના સહયોગથી ચકાસવામાં આવી રહ્યા છે. ભારતીયો ઉપરાંત વિદેશી પ્રવાસીઓમાં ઓસ્ટ્રેલિયા, નેધરલેન્ડ્સ, યુનાઈટેડ સ્ટેટ્સ, મલેશિયા, યુનાઈટેડ કિંગડમ અને દક્ષિણ આફ્રિકાના નાગરિકોનો સમાવેશ થાય છે. પ્રવાસન બોર્ડ, પ્રવાસી પોલીસ, સ્થાનિક સત્તાવાળાઓ અને સુરક્ષા એજન્સીઓ ગુમ થયેલા લોકો વિશે માહિતી એકત્રિત કરી રહ્યા છે. ટ્રેકિંગ ગાઈડ્સ પણ અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકોને શોધવામાં મદદ કરી રહ્યા છે.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે નેપાળમાં પૂરથી થયેલ વિનાશ ચિંતાજનક છે. તેમણે ગંડક અને નારાયણી નદીઓના પાણીના સ્તરમાં વધારો થવાની ધારણાને ધ્યાનમાં રાખીને મહારાજગંજ અને કુશીનગરમાં સ્થાનિક વહીવટીતંત્રને હાઈ એલર્ટ પર રહેવા નિર્દેશ આપ્યો હતો. અધિકારીઓને અગાઉથી જરૂરી તૈયારીઓ કરવા કહેવામાં આવ્યું છે. બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે પરિસ્થિતિ અંગે ચર્ચા કરવા માટે વાત કરી હતી. રાજ્યના સંવેદનશીલ વિસ્તારો પર નજર રાખવામાં આવી રહી છે. બિહારના ૬ જિલ્લાઓમાં દ્રઢઈચ્છની ઘણી ટીમો મોકલવામાં આવી છે. કોસી અને ગંડક નદીના તટપ્રદેશમાં પાણીના સ્તરમાં સંભવિત વધારાને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્રને એલર્ટ પર છે. નેપાળ સેનાના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, બુસી અને તુસુ જેવા અસરગ્રસ્ત વિસ્તારોમાંથી ૨૫ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે. બચાવ કામગીરી માટે ૧૫ હેલિકોપ્ટર તૈનાત કરવામાં આવ્યા છે, જેમાંથી ૭ નેપાળ સેનાના છે અને ૮ અન્ય એજન્સીઓના છે. મછલી તાલીમ શિબિરમાં એક તબીબી કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યું છે, જ્યાં ઘાયલોની સારવાર કરવામાં આવી રહી છે.

ગાંધીધામમાં ઈદે મિલાદની મુસ્લિમ સમાજ દ્વારા શાનદાર ઉજવણી કરાઈ



તસ્વીર : અકમ બુચડ

ગાંધીધામ : પયગંબર હઝરત મોહમ્મદ સાહેબના જન્મદિવસ એટલે કે ઈદે મિલાદ-ઉન-નબી પર્વની ગાંધીધામ સંકુલમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ભારે ઉત્સાહ, અકીદત અને શાનદાર રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન અવસરે સમગ્ર શહેરમાં ધાર્મિક ઉલ્લાસનો માહોલ જોવા મળ્યો હતો.પર્વ નિમિત્તે ગાંધીધામના મુખ્ય માર્ગો પરથી પરંપરાગત રીતે ભવ્ય અને શિસ્તબદ્ધ જુલૂસ કાઢવામાં આવ્યું હતું. જુલૂસમાં ઝંડાઓ, સજાવેલા વાહનો મોટી સંખ્યામાં અબાલ-વૃદ્ધ સૌ મુસ્લિમ સમાજના લોકો ઉત્સાહભેર જોડાયા હતા. "સરકાર કી આમદ મરહબા"ના ગગનભેદી નારાઓથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

બાંગ્લાદેશના પીએમની ભારત મુલાકાત રદઃ દિલ્હી સાથે તંગદિલીનો સંકેત



બાંગ્લાદેશ : વડાપ્રધાન તારિક રહેમાનનો પ્રસ્તાવિત ભારત પ્રવાસ અચાનક રદ થવાના અહેવાલોએ દક્ષિણ એશિયાઈ રાજકારણમાં ભારે ચર્ચા જગાડી છે. ૨૩ ઓગસ્ટથી શરૂ થનારી ત્રણ દિવસીય નવી દિલ્હીની મુલાકાત બંને દેશો વચ્ચેના સંબંધોને એક નવી દિશા આપવા માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવતી હતી. દક્ષિણ એશિયાના ભૂ-રાજકારણમાં બાંગ્લાદેશ માટે ભારત માત્ર એક પાડોશી દેશ નથી, પરંતુ તેની આર્થિક અને સામાજિક સ્થિરતાની મુખ્ય ધરી છે. ૧૯૭૧ના મુક્તિ સંગ્રામથી શરૂ થયેલી આ મિત્રતા સમય સાથે ઊર્જા પુરવઠા, ખાદ્ય સુરક્ષા, આરોગ્ય સંભાળ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા અનેક ક્ષેત્રોમાં વિસ્તરી છે. પરંતુ વર્તમાન સમયે ઢાકા દ્વારા લેવામાં આવી રહેલા નિર્ણયોમાં વ્યૂહાત્મક સમજણ કરતાં ઘરેલુ રાજકીય દબાણ વધુ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.પ્રવાસ રદ થવાના થોડા સમય પહેલા જ તારિક રહેમાનના એક મંત્રી અથવા સહયોગી દ્વારા 'ઈસ્લામિક નાટો' જેવા વિચારને સમર્થન આપવાના અહેવાલો સામે આવ્યા હતા. આ સિવાય, બાંગ્લાદેશ તરફથી ભારત સમક્ષ પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના પ્રત્યાર્પણની સતત માંગ કરવામાં આવી રહી છે. ભારત પ્રવાસ રદ થવા પાછળનું એક મુખ્ય કારણ બાંગ્લાદેશનું ચીન તરફ ઝડપથી વધી રહેલું ઝુકાવ પણ માનવામાં આવે છે. તાજેતરના અહેવાલો મુજબ: બાંગ્લાદેશે લાંબા સમયથી પેન્ડિંગ રહેલા તીસ્તા પ્રોજેક્ટમાં ચીનની ભાગીદારી અને રોકાણ માટે રસ દાખવ્યો છે, જે ભારત માટે સીધી સુરક્ષા ચિંતા ઊભી કરે છે. આ ઉપરાંત મ્યાનમારના રસ્તે ચીનના યુન્નાન પ્રાંત અને બાંગ્લાદેશ વચ્ચે સીધા માર્ગ સંપર્ક સ્થાપિત કરવા અંગે ચર્ચા ચાલી રહી છે.

ગુજરાતમાં બનશે દેશનો મોટો ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટ?



પ્રોજેક્ટની સ્થાપિત ક્ષમતા ૭૦૦૦ મેગાવોટની શક્યતા : ખંભાત તાલુકાના ધુવારણ ખાતે જમીન ઉપલબ્ધ કરાવવા વિચારણા

ગાંધીનગર : ગુજરાતમાં સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ, ગ્રીન હાઈડ્રોજન, ડેટા સેન્ટર્સ, ઈલેક્ટ્રિક મોબિલિટી અને અન્ય ઊર્જા-સઘન ઉદ્યોગોના વિકાસને કારણે વીજળીની માંગમાં નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા છે. આ વધતી માંગને પહોંચી વળવા માટે ન્યુક્લિયર પાવર કોમ્પ્લેક્સ પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

પ્રસ્તાવિત પ્રોજેક્ટની સ્થાપિત ક્ષમતા ૪,૨૦૦ મેગાવોટ અથવા ૭,૦૦૦ મેગાવોટ હોવાની શક્યતા છે. જોકે અંતિમ ક્ષમતા અને પ્રોજેક્ટનું માળખું હજુ ઉચ્ચ સ્તરે નક્કી કરવામાં આવી રહ્યું છે. પ્રતિ મેગાવોટ અંદાજે રૂા.૩૫ કરોડના ખર્ચને ધ્યાનમાં લેતા આ પ્રોજેક્ટમાં આશરે રૂા.૧.૨૫ લાખ કરોડથી રૂા.૨.૨૫ લાખ કરોડનું રોકાણ થઈ શકે છે. આ પ્રોજેક્ટ સાકાર થાય તો તે ગુજરાતના વીજ ક્ષેત્રના સૌથી મોટા રોકાણોમાંથી એક બની શકે છે. સૂત્રો અનુસાર, પ્રોજેક્ટ માટે ૧,૧૦૦ હેક્ટર જમીન પહેલેથી જ ઉપલબ્ધ છે. પ્રોજેક્ટની સાથે સ્થાપવામાં આવનારા ન્યુક્લિયર ફ્યુઅલ કોમ્પ્લેક્સ માટે કેન્દ્ર સરકારની એક ટીમ સ્થળની મુલાકાત પણ લઈ ચૂકી છે. અન્ય એક અધિકારીએ જણાવ્યું કે આનંદ જિલ્લાના ખંભાત તાલુકામાં પ્રસ્તાવિત ધુવારણ ન્યુક્લિયર પાવર કોમ્પ્લેક્સ માટે જરૂરી જમીનની ઉપલબ્ધતા રાજ્ય સરકારે ઓળખી લીધી છે. પ્રાથમિક મૂલ્યાંકન મુજબ મોટા પાયે ન્યુક્લિયર પ્રોજેક્ટ વિકસાવવા માટે આ સ્થળમાં સારી સંભાવના છે.

માર્ગ સલામતી સમિતિની બેઠકમાં મહત્વનો નિર્ણય, વાહન - એસસરીઝ વિક્રેતાઓને જ સૂચના

રાજકોટ શહેરમાં LED લાઈટ અને બ્લેક ફિલ્મ પોલીસ વેંચાવા જ નહીં દયે


વાહન ચાલકોના હિતમાં કાર અને ઓટો પાર્ટ્સ એસો. બ્લેક ફિલ્મનો બહિષ્કાર કરશે છતાં પણ વેંચતા વેપારી સામે પોલીસ ગુના નોંધશે



રાજકોટ : ટ્રાફિક ડીસીપી હરપાલસિંહ જાડેજાની અધ્યક્ષતામાં રાજકોટ શહેર માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં આર.ટી.ઓ. માન્ય નંબર પ્લેટ વગરના વાહન ચાલકો, બ્લેક ફિલ્મ તેમજ સફેદ એલ.ઈ.ડી. લાઈટ લગાડનારા વાહન ચાલકો વિરુદ્ધ ડ્રાઈવ ચાલુ રાખી સઘન કામગીરી કરવા નિર્દેશ આપ્યા હતા.ડીસીપીએ નંબર પ્લેટ ચોખ્ખી વાંચી શકાય તે રીતે લગાડેલી હોવાનું ભારપૂર્વક જણાવ્યું હતું. વધુમાં કાર કંપની દ્વારા આવતા કાચમાં કોઈપણ પ્રકારની ફિલ્મના લગાડવા કાર ચાલકોને ખાસ વિનંતી કરી હતી. કાર એસોસિએશન સાથે કરવામાં આવેલી મિટિંગમાં કાચ પર ફિલ્મનું તથા સફેદ એલ.ઈ.ડી. લાઈટનું વેચાણ નહીં કરવા સૂચના આપી હોવાનું જણાવ્યું હતું. રાજકોટ સંલગ્ન હાઈવે પર ગેરકાયદે મીડીયન ગેપ બંધ કરવા તેમજ તોડી નાખતા શખ્સો વિરુદ્ધ સઘન કામગીરી કરવા પણ સૂચના આપવામાં આવી હતી. માર્ગ સલામતી અર્થે શહેર પોલીસ દ્વારા વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધીમાં ૧,૧૦,૬૦૧ જેટલા વિવિધ કેસ કરી રૂ. ૪,૨૮,૮૭,૨૦૦ નો દંડ કરવામાં આવ્યો હોવાનું તેમજ ૬૮,૦૩૩ જેટલા ઈ-ચલણ ઈશ્યુ કરવામાં આવ્યાં હોવાનું ટ્રાફિક પોલીસ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

ભારત કોઈ ધરમશાળા નથી કે કોઈપણ અહીં આવી જાય : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ

રાષ્ટ્રીય સુરક્ષા રણનીતિ સંમેલનમાં સમાપન સત્રમાં શાહે આંતરિક સુરક્ષા મજબૂત બનાવવા પર ભાર મુક્યો



નવીદિલ્હી : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાષ્ટ્રીય સુરક્ષા નીતિ સંમેલનના સમાપન સત્રમાં જણાવ્યું હતું કે, ૨૦૪૭માં વિકસિત ભારતનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે દેશની આંતરિક સુરક્ષાને મજબૂત કરવી પડશે. તેમણે રાજ્યોના પોલીસ મહા નિર્દેશકો અને કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓના અધિકારીઓને ભવિષ્યના પડકારોનું પહેલાથી આકલન કરી રણનીતિ તૈયાર કરવાનું આહવાન કર્યું છે. શાહે જણાવ્યું હતું કે આતંકવાદ, નકસલવાદ, નશીલા પદાર્થોની તસ્કરી, ઘુસણખોરી, સાઈબર હુમલા અને વૈશ્વિક અસ્થિરતા જેવા પડકારોને પ્રારંભિક સ્તરે જ રોકવા વધુ અસરકારક બને છે. તેમણે ટેકનિક, એઆઈ અને એજન્સીઓ વચ્ચે સમન્વયને રાષ્ટ્રીય સુરક્ષાને મહત્વનો આધાર જણાવ્યો હતો. તેમણે આતંકવાદ સાથે જોડાયેલા પૂરા નેટવર્કને ખતમ કરવા ૩૬૦ ડિગ્રીની રણનીતિ અપનાવવાની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ભારતને ઝડપથી ઘુસણખોરોથી મુકત કરાવવાનું સરકારનું લક્ષ્ય છે. ઘુસણખોરો દેશની સુરક્ષા, અર્થવ્યવસ્થા અને વસ્તીને લઈને ખતરો છે. તેમણે રાજ્યોને સીમા સુરક્ષા માટે વરિષ્ઠ સ્તરના નોડલ અધિકારી નિયુકત કરવાનું કહ્યું હતું.

કેન્સરના ૧ લાખના ઇન્જેક્શનમાં મળ્યા પાણી અને બેકટેરિયા : બીકાનેરથી દિલ્હી સુધી બ્લેક માર્કેટના ખેલ

કેન્સરના ગરીબ દર્દીઓ માટેના કેન્સર વિરોધી ઇન્જેક્શનમાંથી અસલી દવા કાઢી, નકલી નાખી કાળા બજારના કાળા કારોબારનો પર્દાફાશ

રાજસ્થાન : જે ઈન્જેક્શનની કિંમત લગભગ એક લાખ રૂપિયા હોય અને જે ગરીબ કેન્સર દર્દીને મફત સારવાર માટે મળવા જોઈએ, જો તે ઈન્જેક્શન સરકારી હોસ્પીટલમાંથી ગાયબ થઈ બ્લેક માર્કેટમાં પહોંચી જાય તો સવાલ માત્ર ચોરીનો નથી રહી જતાં, બ્લકે સવાલ એ પૂરી વ્યવસ્થા પર ઉઠે છે જેણે દર્દીની જિંદગી બચાવવાની હતી. બીકાનેરની સરકારી કેન્સર હોસ્પીટલ સાથે સંકળાયેલ કથિત નેટવર્કમાં હવે તપાસમાં એવા દાવા સામે આવ્યા છે. જે વધુ પરેશાન કરનારા છે, દિલ્હીમાં પકડાયેલ એક લાખ રૂપિયાની કિંમતના ઈન્જેક્શનના સેમ્પલમાં કેન્સર સાથે લડનારા જરૂરી એક્ટિવ ઈન્ગ્રીડિસેન્ટ નહોતા મળ્યા, તેના બદલે પાણી અને બેકટેરિયા મળી આવ્યાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. એટલે કે જે દવા પર દર્દી ભરોસો કરે છે. તે તેના માટે ખતરો બની શકતી હતી. વાત આટલેથી પૂરી નથી થતી આરોપ છે કે ગરીબ દર્દીઓ માટે સરકારી સપ્લાયમાં આવતા મોંઘા ઈન્જેક્શન કથિત મીલીભગતથી બહાર કાઢી દિલ્હીની બ્લેક માર્કેટમાં વહેંચી દેવામાં આવતા હતા. પછી ખાલી વાયલમાં પાણી અને બેકટેરિયા ભરીને કથિત રીતે તેને બીજીવાર બજારમાં ઉતારવાની કોશિષ કરવામાં આવતી હતી. વિચારો કે કેન્સર જેવી ગંભીર બીમારીનો સામનો કરી રહેલો દર્દી સારવારના નામે શું લઈ રહ્યો છે? આરોપો મુજબ એવાલુમેખ ઈન્જેક્શન સરકારી કેન્સર હોસ્પીટલમાં જરૂરીયાતમંદ દર્દીઓને વિના મૂલ્યે આપવાનું હતું જેની કિંમત લગભગ એક લાખ રૂપિયા બતાવાઈ છે. આરોપ છે કે હોસ્પીટલ સ્તરે મિલીભગત કરી કેટલાક ઈન્જેક્શન ગાયબ કરી દેવામાં આવ્યા અને બાદમાં તેને બ્લેક માર્કેટમાં વેચવામાં આવ્યા.


મધ્યસ્થી રિપોર્ટ મોકલવાની બેદરકારી બદલ ગુજરાત હાઈકોર્ટ લાલઘૂમ



જામનગર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળનાં સચિવ અને પ્રિન્સિ. ડિસ્ટ્રીક્ટ જજ પાસે અહેવાલ મંગાવાયો

અમદાવાદ : પતિ-પત્ની વચ્ચેના કૌટુંબિક વિવાદમાં સમાધાન બાદ જામનગર શહેરની કોર્ટના મધ્યસ્થી કેન્દ્ર (મેડિએશન સેન્ટર) દ્વારા હાઈકોર્ટમાં દસ્તાવેજો મોકલવાની પદ્ધતિ સામે ગુજરાત હાઈકોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરી છે. જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, જામનગરના સચિવ અને મેડિએશન સેન્ટરના કો-ઓર્ડિનેટરના સુસ્ત તથા ઉદાસીન કાર્યશૈલી સામે લાલઆંખ કરીને અદાલતે તેમની પાસે ખુલાસો તલબ કર્યો છે. હાઈકોર્ટના જસ્ટિસ જે.સી. દોષીની બેંચ સમક્ષ એક યુગલ વચ્ચેના કેસની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન અરજદારના એડવોકેટએ અદાલતને જાણ કરી હતી કે જામનગર DLSA ના મેડિએશન સેન્ટર ખાતે બંને પક્ષો વચ્ચે સુખદ સમાધાન થઈ ગયું છે અને સંયુક્ત પુરસિસ પણ રજૂ કરી દેવામાં આવી છે. આ નિવેદનના આધારે હાઈકોર્ટે મુખ્ય અરજીનો નિકાલ કર્યો હતો. જોકે, હાઈકોર્ટના એસસીએ વિભાગની ઓફિસ નોટ ધ્યાને આવતા કોર્ટે નોંધ્યું હતું કે નિયમ મુજબ મેડિએશન સેન્ટરે મૂળ રિપોર્ટ અને સંયુક્ત પુરસિસ પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ મારફતે હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલ કે સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટીને ફોરવર્ડિંગ લેટર સાથે મોકલવાના હોય છે. તેના બદલે જામનગર DLSA સચિવે કોઈ પણ કવરિંગ લેટર કે ડિસ્ટ્રિક્ટ જજની જાણ વગર માત્ર કાગળની બંને બાજુ ઝેરોક્ષ કોપી મોકલી આપી હતી. કોર્ટે આ પ્રકારના વલણને સખત શબ્દોમાં અસ્વીકાર્ય ગણાવતા જામનગર મેડિએશન સેન્ટરના કો-ઓર્ડિનેટર અને DLSA સચિવ પાસેથી લેખિત ખુલાસો માંગ્યો છે. આ ઉપરાંત જામનગરના પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ પાસે આ મામલે અહેવાલ મંગાવ્યો છે.

ગાંધીધામમાં 'ચમકતા' રોડનું ચમત્કારિક રૂપાંતરઃ થોડા સમયમાં જ ખસ્તાહાલ



ગણતરીના મહિનામાં જ આરસીસી-ડામર રોડના પોપડા ઉખાડવાનું શરૂ : જોડિયા શહેરમાં નવીનતમ માર્ગોની ગુણવત્તા સવાલોના ઘેરામાં મુકાઇ : જાણીતી એજન્સીને માલામાલ કરાવવાની લ્હાયમાં પ્રજાના પૈસાનું ધોવાણ

લોક ભાસ્કર ન્યુઝ, ગાંધીધામ : ગાંધીધામ-આદિપુર સંકુલમાં મહાનગરપાલિકા દ્વારા કરોડોના ખર્ચે બનાવવામાં આવેલા તેમજ હાલ નિર્માણાધીન આર.સી.સી. અને ડામર રોડની ગુણવત્તાને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે. નવા બનેલા માર્ગોમાં ગણતરીના મહિનામાં જ તિરાડો પડવા, સિમેન્ટના પોપડા ઉખડવા અને સપાટી ખરડાઈ જવાના બનાવો સામે આવતા રોડની કામગીરી અને ગુણવત્તા નિયંત્રણની વ્યવસ્થા શંકાના ઘેરામાં આવી છે.

પ્રજાના ટેક્સના નાણાંમાંથી મોટા ખર્ચે રસ્તાઓ બનાવવામાં આવે છે, પરંતુ જો આ રસ્તાઓ થોડા જ સમયમાં બિસ્માર બનતા હોય તો જવાબદારી કોની તેવો સવાલ લોકોમાં ચર્ચાઈ રહ્યો છે. રોડ નિર્માણમાં વપરાતી સામગ્રીની ગુણવત્તા, મિશ્રણનું પ્રમાણ, રોડની જાડાઈ, કામ દરમિયાનની દેખરેખ તથા અંતિમ ગુણવત્તા ચકાસણી નિયમ મુજબ થઈ હતી કે કેમ તેની તપાસ જરૂરી બની છે.મહાનગરપાલિકાના એન્જિનિયરિંગ વિભાગની દેખરેખ હેઠળ કામ થતું હોવા છતાં નવા રસ્તાઓમાં ખામીઓ સામે આવે તો ગુણવત્તા નિયંત્રણની પ્રક્રિયા કેટલી અસરકારક છે તે પણ તપાસનો વિષય છે. જો સમયસર ગુણવત્તા ચકાસણી થઈ હોત તો આવી ખામીઓ શરૂઆતમાં જ પકડી શકાય તેવી ચર્ચા છે.

નવા રોડમાં જ તિરાડો, ગુણવત્તા પર સીધો સવાલ

ગાંધીધામ - આદિપુરમાં તાજેતરમાં બનેલા કેટલાક આર.સી.સી. અને ડામર રોડમાં ગણતરીના મહિનામાં જ તિરાડો તથા પોપડા ઉખડવાની સ્થિતિ જોવા મળતાં કામગીરીની ગુણવત્તા સામે સવાલો ઊભા થયા છે. સામાન્ય રીતે કરોડોના ખર્ચે બનાવવામાં આવતા રસ્તાઓ લાંબા સમય સુધી ટકાઉ રહે તેવી અપેક્ષા હોય છે. પરંતુ અહીં નવીનીકરણ બાદ થોડા જ સમયમાં રસ્તાની સપાટી ખરડાવા લાગે તો બાંધકામ દરમિયાન કઈ ગુણવત્તાની સામગ્રી વપરાઈ હતી તેની તપાસ જરૂરી બને છે. સિમેન્ટ, કપચી, રેતી અને અન્ય સામગ્રીનું પ્રમાણ તેમજ મિશ્રણની પ્રક્રિયા નિયમસર થઈ હતી કે નહીં તે ચકાસવું જરૂરી છે. રસ્તાના નમૂના લઈ લેબોરેટરીમાં પરીક્ષણ કરવામાં આવે તો હકીકત બહાર આવી શકે છે. પ્રજાના નાણાંથી બનેલા રસ્તાઓની ગુણવત્તા સાથે બાંધછોડ થઈ હોય તો જવાબદારી નક્કી કરવાની માંગ ઉઠી રહી છે.

અગાઉ દંડ છતાં ફરી કામોની લહાણી?

આ સમગ્ર મામલે સૌથી ગંભીર ચર્ચા એ છે કે ભૂતકાળમાં ગુણવત્તા સંબંધિત કામગીરી સામે દંડાત્મક કાર્યવાહી થઈ હોવા છતાં સંબંધિત ઠેકેદારને ફરી કામો સોંપવામાં આવ્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. જો અગાઉની કામગીરીમાં ગુણવત્તા અંગે તંત્રને વાંધો હતો તો ફરીથી કામ આપતી વખતે કયા માપદંડો અપનાવવામાં આવ્યા હતા તે સ્પષ્ટ થવું જરૂરી છે. ટેન્ડર પ્રક્રિયા, કોન્ટ્રાક્ટની શરતો, અગાઉની કામગીરીનો રેકોર્ડ અને ગુણવત્તા સંબંધિત નોંધોની તપાસ થાય તો સમગ્ર બાબત સ્પષ્ટ થઈ શકે છે. લોકોમાં એવો સવાલ છે કે એક વખત દંડિત થયેલી કામગીરી બાદ પણ એ જ પ્રકારની જવાબદારી ફરી સોંપાઈ હોય તો તેની પાછળનું કારણ શું છે? તંત્ર દ્વારા આ અંગે પારદર્શક ખુલાસો કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

એન્જિનિયરિંગ વિભાગની દેખરેખ ક્યાં હતી?

રસ્તાનું કામ શરૂ થાય ત્યારથી પૂર્ણ થાય ત્યાં સુધી તેની ગુણવત્તા પર સતત નજર રાખવાની જવાબદારી મહાનગરપાલિકાના સંબંધિત એન્જિનિયરિંગ અધિકારીઓની હોય છે. કામ દરમિયાન સામગ્રીની ચકાસણી, મિશ્રણનું પ્રમાણ, રોડની જાડાઈ, લેવલિંગ તેમજ અંતિમ સપાટીની ગુણવત્તા જેવા મુદ્દાઓની તપાસ થવી જરૂરી છે. તેમ છતાં જો કામ પૂર્ણ થયા બાદ થોડા જ સમયમાં રસ્તામાં તિરાડો અને પોપડા ઉખડવા લાગે તો દેખરેખની કામગીરી સામે સવાલ ઊભો થવો સ્વાભાવિક છે. શું સ્થળ પર અધિકારીઓ દ્વારા નિયમિત તપાસ કરવામાં આવી હતી? શું કામના નમૂના લેવામાં આવ્યા હતા? શું ગુણવત્તા પરીક્ષણના અહેવાલો તૈયાર થયા હતા? આવા સવાલોના જવાબ હવે જરૂરી બન્યા છે. માત્ર બિલ પાસ કરવાની પ્રક્રિયા સુધી કામગીરી સીમિત રહી હતી કે ખરેખર ગુણવત્તા ચકાસવામાં આવી હતી તે તપાસનો મુદ્દો બન્યો છે.

કરોડોના ખર્ચ બાદ ફરી મરામતનો વારો?

રસ્તા બનાવવા પાછળ મહાનગરપાલિકા દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે અને થોડા સમય બાદ એ જ રસ્તાની મરામત પાછળ ફરી જાહેર નાણાં ખર્ચવા પડે તો સમગ્ર પ્રક્રિયા પર ગંભીર સવાલ ઊભો થાય છે. રસ્તો ખરાબ થવાના કારણોની તપાસ કર્યા વિના માત્ર પેચવર્ક કરીને સમસ્યા દૂર કરવાનો પ્રયાસ થાય તો ફરીથી ખર્ચ થવાની શક્યતા રહે છે. આથી નવા બનેલા રસ્તાઓના નમૂનાઓ લઈ સ્વતંત્ર અને વૈજ્ઞાનિક ગુણવત્તા ચકાસણી કરાવવી જરૂરી છે. જો બાંધકામમાં ખામી કે હલકી ગુણવત્તાની સામગ્રીનો ઉપયોગ સાબિત થાય તો જવાબદાર ઠેકેદાર સામે કરારની શરતો મુજબ કાર્યવાહી થવી જોઈએ. સાથે જ દેખરેખ રાખનાર અધિકારીઓની ભૂમિકા પણ તપાસવી જરૂરી છે. પ્રજાના પરસેવાની કમાણીનો વારંવાર રસ્તાની મરામતમાં ઉપયોગ ન થાય તે માટે કડક વ્યવસ્થા જરૂરી છે.

બિલ પાસ કરતાં પહેલાં ગુણવત્તા પરીક્ષણ થયું હતું કે નહીં?

નવા રસ્તાઓની કામગીરી પૂર્ણ થયા બાદ કોન્ટ્રાક્ટરને ચૂકવણી કરતા પહેલાં કામની ગુણવત્તા અને માપદંડોની ચકાસણી થતી હોય છે. ત્યારે ગાંધીધામ-આદિપુરના જે રસ્તાઓમાં ટૂંકા સમયમાં ખામીઓ સામે આવી છે, તેમના અંતિમ બિલ પહેલાં કયા પ્રકારની ગુણવત્તા ચકાસણી કરવામાં આવી હતી તે જાહેર થવું જરૂરી છે. કામ પૂર્ણ થયા બાદ માપપોથીમાં શું નોંધાયું હતું, કયા અધિકારીએ કામગીરીની ચકાસણી કરી હતી અને ગુણવત્તા અંગે કોઈ ટેસ્ટ રિપોર્ટ લેવામાં આવ્યો હતો કે નહીં તેવા પ્રશ્નો હાલ ચર્ચાઈ રહ્યા છે. જો તમામ પ્રક્રિયા નિયમ મુજબ થઈ હોય તો રસ્તા આટલા ઝડપથી ખરાબ કેમ થયા તે પણ તપાસવું જરૂરી છે. સમગ્ર મામલે કાગળ પરની કાર્યવાહી નહીં પરંતુ સ્થળ પરની હકીકતના આધારે જવાબદારી નક્કી કરવાની માંગ ઉઠી રહી છે.

સ્વતંત્ર તપાસ થાય તો જ દૂધનું દૂધ, પાણીનું પાણી

ગાંધીધામ - આદિપુરમાં નવા બનેલા માર્ગોની ગુણવત્તા અંગે ઊઠેલા સવાલો વચ્ચે હવે સ્વતંત્ર તપાસની માંગ વધુ મજબૂત બની રહી છે. મહાનગરપાલિકાના આંતરિક તંત્ર દ્વારા જ તપાસ કરવામાં આવે તેના બદલે નિષ્ણાત એજન્સી અથવા માન્ય લેબોરેટરી મારફતે રસ્તાના નમૂનાઓનું પરીક્ષણ કરાવવામાં આવે તો વાસ્તવિક ગુણવત્તા સ્પષ્ટ થઈ શકે છે.

કયા રોડમાં કઈ સામગ્રી વપરાઈ, નિર્ધારિત જાડાઈ અને મિશ્રણનું પ્રમાણ જળવાયું કે નહીં તથા કામમાં ટેકનિકલ સ્પેસિફિકેશનનું પાલન થયું કે નહીં તેની ચકાસણી જરૂરી છે. જો તપાસમાં ગેરરીતિ બહાર આવે તો માત્ર ઠેકેદાર જ નહીં પરંતુ દેખરેખ અને મંજૂરી પ્રક્રિયામાં સંકળાયેલા જવાબદાર અધિકારીઓની ભૂમિકા પણ નક્કી થવી જોઈએ. અન્યથા ભવિષ્યમાં ફરી આવી સ્થિતિ સર્જાવાની શક્યતા રહેશે..

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાની ગાંધીધામમાં શુભેચ્છા મુલાકાત



કચ્છ જિલ્લા કોંગ્રેસના મહામંત્રી ચેતનભાઈ જોશીના નિવાસસ્થાને પ્રદેશ પ્રમુખનું સ્વાગત, સ્થાનિક આગેવાનોની વિશેષ ઉપસ્થિતિ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ના પ્રમુખ શ્રી અમિત ભાઈ ચાવડા કચ્છ જિલ્લા કોંગ્રેસના મહામંત્રી ચેતન ભાઈ જોશી ના ગાંધીધામ ખાતે નિવાસ સ્થાને શુભેચ્છા મુલાકાત કરી હતી. જેમાં કચ્છ જીલ્લા કોંગ્રેસના આગેવાનો સંજય ગાંધી, હકુભા જાડેજા, સમીપ જોશી, જયશ્રીબેન ચાવડા, રાજુ શર્મા, ઇબેઝ યેસુદાસ, અમિત ચાવડા, બી. ટી. મહેશ્વરી, બળદેવસિંહ ઝાલા, રામજી ધુવા ઉપસ્થિત રહ્યા હતા.

કસ્ટમ-DRIની મોટી કાર્યવાહીઃ મુન્દ્રા પોર્ટથી કરોડોની લાલ રેતીના ૫ કન્ટેનર ઝડપાયા

ભુજ : મુન્દ્રા બંદર પરથી કસ્ટમ્સ અને ડિરેક્ટોરેટ ઓફ રેવેન્યુ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ) દ્વારા હાથ ધરાયેલી સઘન તપાસ દરમિયાન પ્રતિબંધિત ગાર્નેટ એટલે કે,લાલ રેતી તથા શંકાસ્પદ ચાઈનીઝ માલસામાનનો વિશાળ જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો.

પ્રથમ બનાવમાં, મુન્દ્રા કસ્ટમ્સની ડોક્સ એક્ઝામિનેશન અને આઈઆઈઆઈબી શાખાએ ક્વાર્ટઝ પાઉડરના નામે નિકાસ કરવામાં આવી રહેલા પાંચ કન્ટેનરો અટકાવી તપાસ હાથ ધરી હતી. જેમાં તપાસ દરમિયાન ક્વાર્ટઝને બદલે ભારત સરકારના એટમિક એનર્જી ડિપાર્ટમેન્ટ હસ્તગત જ નિકાસ કરી શકાય તેવી પ્રતિબંધિત ગાર્નેટ (લાલ રેતી) નો ૧૬૮ મેટ્રિક ટન જથ્થો મળી આવ્યો હતો. આ જથ્થાની અંદાજિત કિંમત રૂ. ૫ કરોડથી વધુ આંકવામાં આવી છે. કસ્ટમ તંત્રે સેમ્પલ મેળવી લેબોરેટરીમાં મોકલી નિકાસકાર અને સીએફએસ એજન્ટ સામે કાયદેસરની કાર્યવાહી આદરી છે.

બીજા બનાવમાં, કેન્દ્રીય એજન્સીઓની દિલ્હીથી મળેલી ગુપ્ત સૂચનાના આધારે મુંદરા બંદર પરથી ૧૬ જેટલા શંકાસ્પદ કન્ટેનર અટકાવવામાં આવ્યા છે. પ્રાથમિક વિગતો મુજબ, ચીનથી આવેલા આ કન્ટેનરોમાં ગેરકાયદેસર અને નિયમોનું ઉલ્લંઘન કરીને લવાયેલો ચાઈનીઝ માલસામાન હોવાની આશંકા છે. હાલ સુરક્ષા એજન્સીઓએ તમામ કન્ટેનર સ્થગિત કરી માલના અંતિમ ડેસ્ટિનેશન અંગે ઊંડાણપૂર્વક સઘન તપાસ શરૂ કરી છે.



પૂર્વ કચ્છ પોલીસ દ્વારા પ્રોહિબિશનના કેસોમાં કબજે કરાયેલા ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરના જથ્થાનો ગાંધીધામ બી ડિવિઝન તથા અંજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાશ કરવામાં આવ્યો હતો. કોર્ટની મંજુરી બાદ પોલીસ ટીમે લોડર, વાહનો અને અન્ય સાધનોની મદદથી કુલ રૂા.૯,૦૬,૦૬,૦૬૬૯ની કિંમતના દારૂના જથ્થાનો નાશ કર્યો હતો. કાર્યવાહી દરમિયાન પોલીસ તથા નશાબંધી-આબકારી વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

એક્શનમાં ACB : સુરજબારી ચેકપોસ્ટ પર લાંચિયો ઝડપાયો





ભુજઃ કચ્છમાંથી લાકડા ભરીને જતાં વાહનો પાસેથી ગેરકાયદેસર નાણાં ઉઘરાવતી સુરજબારી ફોરેસ્ટ ચેકપોસ્ટ પર પૂર્વ કચ્છ એસીબી દ્વારા સફળ ઓપરેશન પાર પાડીને રૂપિયા ૧૦૦ની લાંચ લેતાં વનરક્ષકના મળતિયા એવા એક શખ્સને ઝડપી પાડવામાં આવ્યો હતો.મળતી વિગતો મુજબ, સુરજબારી ફોરેસ્ટ ચેકપોસ્ટ પરથી પસાર થતાં લાકડા ભરેલા વાહનોના ચાલકો પાસેથી વાહતુક પાસ પર સિક્કા મારી રજિસ્ટરમાં નોંધ કરવા બદલ અધિકારીઓ અને તેમના મળતિયાઓ દ્વારા રૂ.૧૦૦ થી રૂ.૧૦૦૦ સુધીની રકમની લાંચ માંગવામાં આવતી હોવાની ફરિયાદો લાંચ રુશવત વિરોધી શાખાને મળી હતી,જેના આધારે ગાંધીધામ એસીબીના પી આઈ એચ.વી. ચૌધરી અને તેમની ટુકડીએ એક જાગૃત નાગરિકનો સહકાર લઈ છટકું ગોઠવ્યું હતું. ગત ૨૪ ઓગસ્ટના રોજ ગોઠવાયેલા આ છટકામાં ભચાઉ નોર્મલ રેન્જના વનરક્ષક હરેશભાઈ હેમરાજભાઈ ચૌધરીના કહેવાથી તેમના ખાનગી મળતિયા જામનસા ઓસામણ સૈયદ (રહે. બુઢાર મોરા, અંજાર) એ પાસ પર નોંધ કરવાના બદલામાં જાગૃત નાગરિક પાસેથી રૂપિયા ૧૦૦ની લાંચ માંગીને સ્વીકારી હતી. એસીબીની ટુકડીએ સ્થળ પર જ દરોડો પાડી લાંચની રકમ રિકવર કરી વનરક્ષક અને ખાનગી વ્યક્તિ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભુજમાં નગરપાલિકાની દબાણ હટાવો ઝુંબેશઃ જિ.પં. માર્ગ પરથી લારી-ગલ્લા હટાવાતાં વર્ષો બાદ ફૂટપાથ ખુલ્લી થઈ



ભુજઃ સુપ્રીમ કોર્ટના આદેશ અને જિલ્લા કલેક્ટરની સૂચનાના પગલે ભુજ નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ મુખ્ય માર્ગો પર મોટા પાયે દબાણ હટાવો ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. મુખ્ય અધિકારી ટ્રિવેંકલ પટેલના માર્ગદર્શન હેઠળ અને જયદીપ સિંહ ઝાલાની આગેવાનીમાં પાલિકાની ટીમે બસ સ્ટેશન વિસ્તાર, જિલ્લા પંચાયત રોડ, ઈન્દિરાબાઈ સ્કૂલ તેમજ જૂના ભાજપ કાર્યાલય માર્ગે દબાણ હટાવવાની કામગીરી કરી હતી. તંત્ર દ્વારા અગાઉથી આપેલી નોટિસના કારણે મોટાભાગના વેપારીઓએ સ્વેચ્છાએ લારી-ગલ્લા હટાવી લેતાં સુધરાઈની ટીમ અને ધંધાર્થીઓ વચ્ચે ઘર્ષણ ટળ્યું હતું.

કામગીરી દરમિયાન નગરપાલિકાની ટીમે એક કેબિન, બે લોખંડની પેટી અને લોખંડના પાઈપો જપ્ત કર્યા હતા. લાંબા સમય બાદ જિલ્લા પંચાયત રોડ પર ફૂટપાથો ખુલ્લી થતાં નાગરિકોએ ટ્રાફિકની સમસ્યામાંથી ભારે રાહત અનુભવી હતી.પાલિકા દ્વારા આગામી ૨૫ ઓગસ્ટના રોજ વી.ડી. હાઈસ્કૂલ માર્ગથી જ્યુબિલી ગ્રાઉન્ડ વિસ્તાર સુધી દબાણો હટાવવાની ઝુંબેશ આગળ ધપાવવામાં આવશે.

દીનદયાલ પોર્ટનો નવો રેકોર્ડઃ દેશમાં સૌથી ઝડપી 70 MMT કાર્ગો હેન્ડલિંગ



ભુજ : દેશના અગ્રણી મહાબંદરોમાં પ્રથમ સ્થાને રહેલા કચ્છના દીનદયાલ પોર્ટ (કંડલા) દ્વારા વર્તમાન નાણાકીય વર્ષમાં કાર્ગો હેન્ડલિંગ ક્ષેત્રે વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. પોર્ટે ગત ૨૨ ઓગસ્ટના રોજ ૭૦.૦૩ મિલિયન મેટ્રિક ટન (એમએમટી) કાર્ગો હેન્ડલિંગનો આંકડો સફળતાપૂર્વક પાર કરી લીધો છે. દેશના તમામ અગ્રણી પોર્ટ્સમાં ૭૦ એમએમટીની ઝડપી વૃદ્ધિ નોંધાવનાર દીનદયાલ પોર્ટ દેશનું પ્રથમ બંદર બન્યું છે. ગત વર્ષની સરખામણીએ આ લક્ષ્યાંક ૩૨ દિવસ વહેલો સિદ્ધ કરવામાં આવ્યો છે, જેમાં ૨૩.૦૨ ટકાનો નોંધપાત્ર ગ્રોથ જોવા મળ્યો છે.

આ અગાઉ ૫૦ એમએમટી કાર્ગો હેન્ડલિંગનો રેકોર્ડ પણ સૌથી ઝડપી આ જ પોર્ટે સ્થાપિત કર્યો હતો. આ અભૂતપૂર્વ સિદ્ધિ બદલ કેન્દ્રીય શિપિંગ મંત્રીએ પોર્ટ પ્રશાસનની કામગીરીને બિરદાવી હતી. ઉલ્લેખનીય છે કે, ગત નાણાકીય વર્ષ દરમિયાન કંડલા પોર્ટે ૧૬૦ મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલ કરીને દેશભરમાં પ્રથમ ક્રમ જાળવી રાખ્યો હતો. હવે પોર્ટ તંત્ર દ્વારા ચાલુ વર્ષે ૧૭૦ મિલિયન મેટ્રિક ટનના મહાકાય લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટે વ્યાપક આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

આદિપુરમાં ડુપ્લિકેટ દારૂ બનાવવાની ફેક્ટરી પર ખાખીનો સપાટો



શ્રી ચિરાગ કોરડીયા
આઈજી, બોર્ડર રેન્જ, કચ્છ





૯,૪૦૦ ખાલી બોટલ અને ૬૦૦ ભરેલી બોટલ મળી આવી : ભાવનગરમાં લઠ્ઠા-કાંડ બાદ નકલી દારૂ બનાવતી ફેક્ટરી ઝડપાઈ આવતા ચકચાર : મુંબઈથી મટીરીયલ મંગાવી રાજસ્થાનના શખ્સ મારફતે ધંધો શરૂ કર્યો હોવાનો ખુલાસો

લોક ભાસ્કર ન્યુઝ, ગાંધીધામ : ભાવનગરમાં અંગ્રેજી દારૂ પીધા બાદ અત્યાર સુધીમાં ૧૩ લોકોના મોત નીપજ્યાની ઘટનાથી સમગ્ર રાજ્યમાં ચકચાર મચી છે, ત્યારે કચ્છમાં પણ નકલી દારૂ બનાવવાની ફેક્ટરી ઝડપાતા ખળભળાટ મચી ગયો છે. રેન્જ આઈજી ચિરાગ કોરડીયાને મળેલી બાતમીના આધારે સાયબર સેલની ટીમે આદિપુરના વોર્ડ નં. ૪/એ વિસ્તારમાં દરોડો પાડી ડુપ્લિકેટ દારૂ બનાવવાની કામગીરીનો પર્દાફાશ કર્યો હતો.

સાયબર સેલના પોલીસ ઈન્સ્પેક્ટર એલ.પી. બોડાના તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર મયુરધ્વજસિંહ એચ. જાડેજા સહિતના કાફલાએ દરોડા દરમિયાન મોટી માત્રામાં નકલી દારૂ બનાવવા માટેનું કેમિકલ અને અન્ય સામગ્રી ઝડપી પાડી હતી. સ્થળ પરથી આશરે ૬૦૦ લિટર દારૂ બનાવવાનું કેમિકલ, આરસીના લોગોવાળી ૯,૪૦૦ જેટલી ખાલી બોટલો તથા કેમિકલથી તૈયાર કરવામાં આવેલા દારૂની લગભગ ૬૦૦ ભરેલી બોટલો મળી આવી હતી.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપીઓએ માત્ર ત્રણથી ચાર દિવસ અગાઉ જ નકલી દારૂ બનાવવાની ફેક્ટરી શરૂ કરી હોવાનું સામે આવ્યું છે. પીએસઆઈ એમ.એચ. જાડેજાના જણાવ્યા મુજબ, આરોપીઓએ રાજસ્થાનના રાજુ નામના શખ્સ મારફતે મુંબઈથી દારૂ બનાવવાનું મટીરીયલ મંગાવ્યું હતું. આ કેસમાં પોલીસે હિતેશ ખીમા બામણીયા, મૂળ રાપર અને હાલ મુંબઈ તથા બીજેન્દ્ર લાલચંદ જાટ, રહે. મથુરા, ઉત્તરપ્રદેશને ઝડપી પાડ્યા છે. તપાસમાં હિતેશ અગાઉ વાપી અને અંજારમાં નોંધાયેલા ગુનાઓમાં પણ સંડોવાયેલો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે હવે મુંબઈથી મટીરીયલ કોણે મોકલ્યું, રાજસ્થાનના રાજુની ભૂમિકા શું હતી અને તૈયાર કરાયેલો નકલી દારૂ ક્યાં સપ્લાય કરવાનો હતો તે દિશામાં તપાસ તેજ કરી છે.

૯,૪૦૦ ખાલી બોટલનો મોટો જથ્થો મળી આવ્યો : પીએસઆઇ એમ.એચ.જાડેજા



ભુજ સાયબર સેલના પોલીસ સબ ઇન્સ્પેક્ટર એમ. એચ. જાડેજાએ જણાવ્યું હતું કે, આદિપુરની નકલી દારૂ બનાવવાની ફેક્ટરી પરથી આરસીના લોગોવાળી આશરે ૯,૪૦૦ ખાલી બોટલો મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આટલી મોટી સંખ્યામાં બોટલોનો જથ્થો ક્યાંથી આવ્યો અને તેનો ઉપયોગ કરીને નકલી દારૂનું કેટલું મોટું નેટવર્ક ઊભું કરવાની તૈયારી હતી તે અંગે પોલીસ તપાસ કરી રહી છે.

આરોપી હિતેશ અગાઉ પણ બે ગુનામાં સંડોવાયેલો

પોલીસના જણાવ્યા મુજબ, ઝડપાયેલો આરોપી હિતેશ ખીમા બામણીયા અગાઉ વાપી અને અંજારમાં નોંધાયેલા ગુનાઓમાં સંડોવાયેલો હોવાનું સામે આવ્યું છે. મૂળ રાપરનો અને હાલ મુંબઈમાં રહેતો હિતેશ આ નકલી દારૂના કારોબારમાં કેવી રીતે જોડાયો અને તેની પાછળ અન્ય કોણ છે તે અંગે પૂછપરછ ચાલુ છે.

ભાવનગરના લઠ્ઠાકાંડ વચ્ચે કચ્છમાં ડૂબ્લિકેટ દારૂના નેટવર્કનો પર્દાફાશ

ભાવનગરમાં કથિત ઝેરી દારૂના સેવન બાદ ૧૩ લોકોનાં મોત થયાની ઘટનાએ રાજ્યભરમાં ખળભળાટ મચાવ્યો છે. તેવા સમયે આદિપુરમાંથી નકલી દારૂ બનાવવાની ફેક્ટરી ઝડપાતા કચ્છમાં પણ ચિંતા ફેલાઈ છે. પોલીસે તૈયાર દારૂ ક્યાં પહોંચાડવાનો હતો તે શોધવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મુંબઈથી આવ્યું મટીરીયલ, રાજસ્થાનનો રાજુ પણ તપાસના રડારમાં

આરોપીની પૂછપરછમાં નકલી દારૂ બનાવવા માટેનું મટીરીયલ મુંબઈથી મંગાવવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. રાજસ્થાનના રાજુ નામના શખ્સ મારફતે આ મટીરીયલ મંગાવાયું હોવાનો ખુલાસો થયો છે. હવે પોલીસ રાજુની ઓળખ, તેની ભૂમિકા અને મુંબઈના સપ્લાયર સુધી પહોંચવા તપાસ આગળ ધપાવી રહી છે.

કેમિકલ તથા તૈયાર દારૂના નમૂનાનું પરીક્ષણ કરાવાઈ

મામલાની ગંભીરતાને પગલે પોલીસ દ્વારા એફએસએલના અધિકારીને સ્થળ પર બોલાવી જપ્ત કરાયેલા કેમિકલ તથા તૈયાર દારૂના નમૂનાનું પરીક્ષણ કરાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તપાસ બાદ જ આ દારૂમાં કયા પ્રકારના કેમિકલનો ઉપયોગ થયો હતો અને તે માનવજીવન માટે કેટલો જોખમી હતો તેની વધુ વિગતો બહાર આવશે.

ત્રણ-ચાર દિવસમાં જ ફેક્ટરી ધમધમતી કરી નાખી

પોલીસ પૂછપરછમાં આરોપીઓએ ફેક્ટરી શરૂ કર્યાને હજુ ત્રણથી ચાર દિવસ જ થયા હોવાનું જણાવ્યું છે. આટલા ઓછા સમયમાં ૬૦૦ જેટલી ભરેલી બોટલો તૈયાર થઈ જવી અને હજારો ખાલી બોટલોનો જથ્થો મળી આવવો તપાસનો મહત્વનો મુદ્દો બન્યો છે. પોલીસ સમગ્ર સપ્લાય ચેઇન શોધી રહી છે.

૬૦૦ લિટર કેમિકલથી દારૂ બનાવાતો હોવાની આશંકા

દરોડા દરમિયાન આશરે ૬૦૦ લિટર જેટલું કેમિકલ મળી આવ્યું હતું. આ કેમિકલનો ઉપયોગ કરીને કથિત રીતે દારૂ તૈયાર કરવામાં આવતો હતો. જપ્ત કરાયેલા કેમિકલ અને તૈયાર દારૂના નમૂનાઓ એફએસએલમાં મોકલવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. રિપોર્ટ બાદ નકલી દારૂની સાચી રચના અને જોખમ સ્પષ્ટ થશે.

કચ્છના પિંગલેશ્વર દરિયાકાંઠેથી શંકાસ્પદ અત્યાધુનિક ઉપકરણો મળ્યા સુરક્ષા એજન્સીઓ એલર્ટ

ભુજ : કચ્છના સરહદી અને સંવેદનશીલ ગણાતા અબડાસા તાલુકાના પિંગલેશ્વર દરિયા કિનારેથી બિનવારસી હાલતમાં ટેકનિકલ સાધનો મળી આવ્યા છે. નિયમિત પેટ્રોલિંગ દરમિયાન સ્થાનિક જખૌ પોલીસ, એલ. આઈ.બી. અને સ્ટેટ આઈબી ની સંયુક્ત ટીમને આ શંકાસ્પદ સામગ્રી હાથ લાગી હતી. જેને પગલે વિવિધ કેન્દ્રીય અને સ્થાનિક એજન્સીઓ તપાસમાં જોતરાઈ છે. સુરક્ષા દળોને દરિયા કિનારે બિનવારસી હાલતમાં બે મુખ્ય વસ્તુઓ મળી આવી છે AIS (ઓટોમેટિક આઈડેન્ટિફિકેશન સિસ્ટમ) ઉપકરણ: આ એક પ્રકારનું ગોળાકાર ટ્રેકિંગ ડિવાઈસ (બોટ ટ્રેકર) છે, જે સામાન્ય રીતે મોટા માલવાહક જહાજો અથવા આંતરરાષ્ટ્રીય ફિશિંગ ટ્રોલર્સમાં જહાજનું ચોક્કસ લોકેશન, દિશા અને પાણીની ઊંડાઈ માપવા માટે વપરાય છે. ઇમરજન્સી ઓક્સિજન કિટ મળી.

એક કેસરી રંગના બોક્સમાંથી માસ્ક સાથેનું ઓક્સિજન સિલિન્ડર મળી આવ્યું છે, જેનો ઉપયોગ કટોકટીના સમયે ક્રૂ મેમ્બર્સનો જીવ બચાવવા માટે થતો હોય છે. તપાસ એજન્સીઓના પ્રાથમિક અંદાજ મુજબ, દરિયામાં આવેલી ભારે ભરતી અને જોરદાર



શીપ, બોટ ટ્રેકર અને ઓક્સિજન સિલિન્ડર મળ્યું, એજન્સીઓની તપાસનો ધમધમાટ : મરીન કમાન્ડો, તટરક્ષક દળ, જખૌ પોલીસ દ્વારા આજુબાજુના સમગ્ર દરિયાઈ બેટ અને દરિયાકાંઠાના વિસ્તારોમાં કોમ્બિંગ અને સર્ચ ઓપરેશન તેજ: ઉપકરણો કયા દેશના કે કઈ બોટના છે ? તેની વિગતો મેળવવા ટેકનિકલ તપાસ

મોજાંને કારણે આ સાધનો આંતરરાષ્ટ્રીય જળસીમા તરફથી તણાઈને ભારતીય કિનારા પર આવી ગયા હોવાની શક્યતા છે. જો કે, આ સાધનો પાછળ કોઈ શંકાસ્પદ કે રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિનો ઈરાદો હતો કે કેમ તે જાણવા ઝીણવટભરી તપાસ શરૂ કરાઈ છે. આંતરરાષ્ટ્રીય સરહદ નજીકથી આવા સંવેદનશીલ ઉપકરણો મળવાને ગંભીરતાથી લઈને મરીન કમાન્ડો, તટરક્ષક દળ અને જખૌ પોલીસ દ્વારા આજુબાજુના સમગ્ર દરિયાઈ બેટ અને દરિયાકાંઠાના વિસ્તારોમાં કોમ્બિંગ અને સર્ચ ઓપરેશન તેજ કરી દેવામાં આવ્યું છે. આ ઉપકરણો કયા દેશના કે કઈ બોટના છે તેની વિગતો મેળવવા ટેકનિકલ તપાસ ચાલી રહી છે.

સામખિયાળીમાં વકીલના ઘરમાંથી ૫.૬૪ લાખની ચોરીનો ભેદ ઉકેલાયો

ફરિયાદીના ઘરે મહેમાન બનીને આવેલા સગા સાળાએ જ સોના-ચાંદીના દાગીના અને રોકડ પર હાથફેરો કર્યો હોવાનો પોલીસ તપાસમાં ચોંકાવનારો ઘટસ્ફોટ

ભુજ: સામખિયાળી ગામમાં રહેતા એડવોકેટના ઘરના કબાટમાંથી ભેદી સંજોગોમાં ચોરાઈ ગયેલા રૂ. સાડા પાંચ લાખથી વધુ કિંમતના સોના-ચાંદીના ઘરેણાંની ચોરીનો ભેદ ઉકેલીને પોલીસે બે આરોપીઓની અટકાયત કરી હતી. જાણભેદુ દ્વારા જ આ ચોરી આચરવામાં આવી હોવાની શંકા સાચી ઠરતાં ફરિયાદી વકીલનો સગો સાળો જ ચોર નીકળ્યો હતો. બનાવની વિગતો મુજબ, સામખિયાળીના એડવોકેટ નરેશ ચૌહાણના ઘરે લાકડાના કબાટમાંથી રૂ. ૫.૬૪ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના અને રોકડની ભેદી સંજોગોમાં ચોરી થઈ હતી. ચાવી વડે કબાટ ખોલીને ચોરી કર્યા બાદ તાળું મારી દેવાયું હોવાથી કોઈ પરિચિતનો હાથ હોવાની આશંકાએ વકીલે બે મહિના સુધી પોતાની રીતે તપાસ કરી હતી, પરંતુ સફળતા ન મળતાં આખરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. સામખિયાળી પી.આઈ જે.એમ. ઝાલાની ટુકડીએ ગહન તપાસ હાથ ધરતાં બહાર આવ્યું હતું કે, ગત ૨૯ મેના રોજ ફરિયાદીનો સાળો ચેતન દેવજી મેરિયા (રહે. ચોબારી, ભચાઉ) મહેમાન બનીને આવ્યો હતો. બહેન કબાટની ચાવી જ્યાં રાખતી હતી તે જગ્યાથી વાકેફ ચેતને ચોરીછૂપે ચાવી મેળવી દાગીનાની ચોરી કરી ચાવી યથાવત જગ્યાએ મૂકી દીધી હતી. ચોરીના દાગીનામાંથી ચાર દાગીના ભચાઉના જ્વેલર્સને વેચી રૂ. અઢી લાખ બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા, જ્યારે સોનાનો હાર તેના મિત્ર સચિન વેલા વરચંદને વેચવા આપી રૂ. બે લાખ મેળવ્યા હતા. ચોરીના નાણાંથી આરોપીએ નવું મોટરસાઇકલ, એસી ખરીદ્યું હતું તેમજ પોતાની દુકાનમાં નવો માલ ભરાવ્યો હતો. પોલીસે મૂળ ચોર ચેતન અને ચોરીનો માલ વેચવામાં મદદ કરનાર તેના મિત્ર સચિન બંનેની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ગાંધીધામનું નવું નજરાણું! ટ્રેનના જૂના ડબ્બામાંથી બની રહી છે શાનદાર 'રેલ કોચ રેસ્ટોરા'

ગાંધીધામ: રેલવે સ્ટેશન પર જઈએ ત્યારે અનેક નકામા કોચ પડેલા નજરે ચડે જ, પણ હવે ભારતીય રેલવે દ્વારા જૂના અને નકામા થઈ ગયેલા રેલવે કોચનો અદભૂત ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. મોટા ભાગે રેલવે સ્ટેશનોની આસપાસ વર્ષો સુધી કાટ ખાતા જોવા મળતા જૂના ડબ્બાઓને હવે નવું રૂપ આપવામાં આવી રહ્યું છે. રેલવેની આ જ નવીન પહેલ હેઠળ કચ્છના ગાંધીધામ રેલવે સ્ટેશન પર એક અત્યાધુનિક 'રેલ કોચ રેસ્ટોરા' તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ અનોખી રેસ્ટોરન્ટના નિર્માણનું કાર્ય હવે અંતિમ ચરણમાં છે અને ટૂંક સમયમાં જ તેને મુસાફરો તેમજ સ્થાનિક નાગરિકો માટે ખુલ્લી મૂકવામાં આવશે. આગામી દિવસોમાં આ સ્થળ ગાંધીધામ શહેરના મુખ્ય આકર્ષણ અને લોકપ્રિય 'ફૂડ સ્પોટ' તરીકે ઊભરી આવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. આ પ્રોજેક્ટની કામગીરીની સમીક્ષા કરવા માટે તાજેતરમાં પશ્ચિમ રેલવે, અમદાવાદ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર (ડ્વઈસ) વેદ પ્રકાશે વરિષ્ઠ અધિકારીઓની એક ટીમ સાથે ગાંધીધામ સ્ટેશનની મુલાકાત લીધી હતી. આ



નિરીક્ષણ દરમિયાન તેમણે નિર્માણાધીન રેસ્ટોરન્ટના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આંતરિક સજાવટ, સુરક્ષા વ્યવસ્થા અને ગુણવત્તાના માપદંડોની તપાસ કરી હતી. નિર્માણ કાર્યની ઝડપ અને પ્રગતિ અંગે સંતોષ વ્યક્ત કરતા ડીઆરએમએ સંબંધિત અધિકારીઓને આ પ્રોજેક્ટ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા સૂચના આપી હતી. આ રેલ કોચ રેસ્ટોરાંમાં જૂના ડબ્બાને હેરિટેજ અને આધુનિક લુક આપીને એક પ્રીમિયમ ડાઇનિંગ સ્પેસમાં રૂપાંતરિત કરવામાં આવ્યા છે. રેસ્ટોરામાં અંદર આરામદાયક બેઠક વ્યવસ્થા, આકર્ષક લાઈટિંગ અને રેલવેના ભવ્ય ઇતિહાસને દર્શાવતી કલાત્મક ડિઝાઇન તૈયાર કરવામાં આવી છે. અહીં આવનારા ગ્રાહકોને ઉત્તર ભારતીય, દક્ષિણ ભારતીય, ગુજરાતી અને ફાસ્ટ ફૂડ સહિતની અનેક સ્વાદિષ્ટ વાનગીઓ પીરસવામાં આવશે. સૌથી ખાસ વાત એ છે કે, ટ્રેનની રાહ જોતા મુસાફરો ઉપરાંત શહેરના સામાન્ય નાગરિકો પણ કોઈપણ મુસાફરી ટિકિટ વિના પોતાના પરિવાર અને મિત્રો સાથે અહીં આવીને સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણી શકશે.

ઉલ્લેખનીય છે કે કચ્છ વિસ્તારનું એક પ્રમુખ ઔદ્યોગિક અને વ્યાપારી કેન્દ્ર હોવાથી ગાંધીધામ સ્ટેશન પર દરરોજ હજારો મુસાફરોની અવરજવર રહે છે. આ રેસ્ટોરન્ટ મુસાફરોના પ્રતીક્ષા સમયને આનંદદાયક બનાવવાની સાથે સાથે રેલવે માટે ટિકિટ સિવાયની આવક ઊભી કરવાનું એક મજબૂત માધ્યમ પણ બનશે.

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના, સમાચાર, સમસ્યા કે તસ્વીરી અહેવાલને અમારા સુધી પહોંચાડો

WhatsApp ના માધ્યમથી...
9725170800, 98252 13026
(મીઠુ ચૌહાણ)

તો આજે જ
લોકભાસ્કરના
સીટીઝન જર્નાલીસ્ટ
બની ગર્વ અનુભવો.

SRC સંસ્થા નથી, લે-વેચની ઓફિસ બની ગઇ છે : રાજુભાઇ



અમદાવાદ થપ્પડકાંડ પછી, એસઆરસી ઓફિસમાં ડાયરેક્ટરો હેલ્મેટ પેરીને આવે છે

સ્વપ્નો સાચવવાની જવાબદારી કોની?

સ્વ. ભાઈ પ્રતાપ અને દાદી નિર્મલાબેન ગજવાણીના સ્વપ્નોથી જોડાયેલી SRCમાં આંતરિક વિવાદો જાહેર ઘર્ષણ સુધી પહોંચે તે સંસ્થા માટે ચેતવણી સમાન છે. હવે હોદ્દેદારો સંસ્થાની ગરિમા જાળવે છે કે વિવાદને વધુ વકરવા દે છે તેના પર સૌની નજર છે.



અમદાવાદ થપ્પડકાંડ બાદ આઠેય ડાયરેક્ટરોએ એકબીજાથી મોઢું ફેરવ્યું : સિંધુ રીસેટલમેન્ટ કોર્પોરેશન લિ.ના મેનેજરની ચિંતા બની ચર્ચાનો વિષય : અમે સેવા કરવા આવ્યા છીએ" કહેનારા હોદેદારો પારદર્શિતા લાવવામાં નિષ્ફળ : ચૂંટણી આવતાની સાથે જ સંસ્થાની કચેરીમાં શરૂ થયેલા રિનોવેશને અટકળો જગાવી

હવે એસઆરસીમાં લલીત, સેવક ઈલેક્શન નહીં લડે ? : મહેશ, હરેશ રાજીનામુ આપે તેવી ચર્ચા થઈ રહી છે : આ સમગ્ર ઘટનાક્રમ વચ્ચે સેવક અને હરેશે બળાપો ઠાલવતા સ્પષ્ટ જણાવ્યું હતું કે, "ભગવાને અમને ઘણું આપ્યું છે, ત્યારે કોઈ રસ્તા વચ્ચે મારી જાય કે ઓફિસમાં આવીને ગાળો આપી જાય તેવી સંસ્થામાં અમારે રહેવું નથી?"

આઠ ડાયરેક્ટર, પણ એકતા ક્યાં?

સિંધુ રીસેટલમેન્ટ કોર્પોરેશન લિ.માં આઠ ડાયરેક્ટરો હોવા છતાં સંસ્થાના આંતરિક વાતાવરણને લઈને અનેક સવાલો ઊભા થયા છે. સૂત્રોના જણાવ્યા મુજબ ડાયરેક્ટરો વચ્ચે મતભેદો એટલા હદે વધ્યા છે કે એકબીજાથી અંતર રાખવામાં આવી રહ્યું છે. અમદાવાદમાં બનેલી થપ્પડકાંડની ઘટનાના પડઘા બાદ સંબંધોમાં વધુ કડવાશ આવી હોવાની ચર્ચા છે. સંસ્થા ચલાવવાની જવાબદારી ધરાવતા ડાયરેક્ટરો જ જો એકબીજાથી નારાજ હોય તો સંસ્થાના નિર્ણયો કેવી રીતે લેવાય છે તે સવાલ છે. વ્યક્તિગત મતભેદોનો ભોગ સંસ્થાનું કામકાજ ન બને અને સભ્યો તથા લાભાર્થીઓના હિતને પ્રાથમિકતા મળે તે જરૂરી છે.

ચાર ડાયરેક્ટરની ચૂંટણીથી દૂરી ?

એસઆરસીની આગામી ચૂંટણીને લઈને સંસ્થામાં અત્યારથી જ ચર્ચાઓ તેજ બની છે. સૂત્રોના જણાવ્યા મુજબ સેવક, લલિત અને હરેશ, મહેશ એસઆરસીમાંથી રાજીનામુ આપશે તેવું ચર્ચા જોર પકડ્યું છે. જોકે આ અંગે સત્તાવાર જાહેરાત હજુ સામે આવી નથી. જો ખરેખર આ ચારેય ડાયરેક્ટરો ચૂંટણીથી દૂર રહેવાના હોય તો તેની પાછળનું કારણ શું છે તે અંગે અનેક અટકળો ચાલી રહી છે. શું આંતરિક મતભેદો જવાબદાર છે કે પછી ચૂંટણીના સમીકરણો બદલાઈ રહ્યા છે? સંસ્થાના સભ્યોમાં પણ આ મુદ્દે ચર્ચા શરૂ થઈ છે. ચૂંટણીની જાહેરાત બાદ જ સમગ્ર ચિત્ર સ્પષ્ટ થશે.

સંસ્થાના મેનેજર શા માટે ચિંતામાં મુકાઈ ગયા ?

એસઆરસીના મેનેજરની ચિંતા પણ હાલમાં સંસ્થાના વર્તુળોમાં ચર્ચાનો વિષય બની છે. ચૂંટણી નજીક આવતી હોવાના સમયે મેનેજમેન્ટમાં હલચલ વધી છે. આખરે એવી કઈ મુશ્કેલી ઊભી થવાની છે કે મેનેજર ચિંતિત હોવાની ચર્ચા ચાલી રહી છે? સંસ્થાના રોજિંદા વહીવટથી લઈને આગામી ચૂંટણી સુધી અનેક મુદ્દાઓ સામે આવી રહ્યા છે. જો સંસ્થામાં બધું સામાન્ય હોય તો મેનેજમેન્ટના વલણ અંગે સવાલો કેમ ઊભા થાય છે તે પણ તપાસનો વિષય છે. સભ્યોને વિશ્વાસમાં લઈ સંસ્થાની સ્થિતિ અંગે સ્પષ્ટતા કરવામાં આવે તો અટકળોનો અંત આવી શકે છે.

અહો આશ્ચર્યમ ચા-બિસ્કિટનું બિલ ૩.૧ લાખ?

એસઆરસીમાં એક મહિનાના ચા-બિસ્કિટના બિલનો આંકડો ૩.૧ લાખ સુધી પહોંચ્યો હોવાની ચર્ચાએ ભારે સવાલો ઊભા કર્યા છે. જો આ આંકડો સાચો હોય તો એક સંસ્થામાં માત્ર એક મહિનામાં ચા-નાસ્તા પાછળ આટલો મોટો ખર્ચ શા માટે થયો? કેટલા લોકો માટે ચા-બિસ્કિટની વ્યવસ્થા કરવામાં આવી? બિલોની ચકાસણી કોણ કરે છે? ખર્ચને મંજૂરી આપવાની પ્રક્રિયા શું છે? આવા સવાલોના જવાબ જરૂરી છે. સંસ્થા સેવા માટે કાર્યરત હોય ત્યારે દરેક ખર્ચમાં પારદર્શિતા હોવી જોઈએ. બિલો અને ખર્ચની વિગતો જાહેર થાય તો જ સાચી હકીકત સભ્યો સમક્ષ આવી શકે.

ચૂંટણી પહેલાં રિનોવેશન કેમ?

એસઆરસી બિલ્ડિંગનું રિનોવેશન શરૂ કરવામાં આવ્યું હોવાની ચર્ચા વચ્ચે તેના સમયને લઈને પણ સવાલો ઊઠ્યા છે. ચૂંટણી નજીક હોય ત્યારે જ બિલ્ડિંગના રિનોવેશનની જરૂરિયાત કેમ ઊભી થઈ? કામ માટે કેટલો ખર્ચ મંજૂર થયો છે અને કઈ પ્રક્રિયા દ્વારા કામ સોંપવામાં આવ્યું છે? કામ માટે ટેન્ડર કરવામાં આવ્યું છે કે અન્ય કોઈ પદ્ધતિ અપનાવવામાં આવી છે? સંસ્થાની મિલકત અને નાણાં સાથે જોડાયેલો દરેક ખર્ચ સભ્યો સમક્ષ પારદર્શક રીતે મૂકવો જરૂરી છે. ચૂંટણી પૂર્વેના આ કામને કારણે કોઈ રાજકીય કે વ્યક્તિગત લાભનો આક્ષેપ ન થાય તે માટે મેનેજમેન્ટે સંપૂર્ણ વિગતો જાહેર કરવી જોઈએ.

ગરીબોને દુકાનનો વાયદો મજાક સમાનઃ ભરત સોલંકી

એસઆરસી દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને દુકાનો આપવાના વાયદાને લઈને પણ સવાલો ઉઠ્યા છે. ભરતભાઈ સોલંકીએ આ મુદ્દે વાયદો મજાક સમાન બની ગયો હોવાનો આક્ષેપ કર્યો છે. જો ખરેખર જરૂરિયાતમંદોને દુકાનો ફાળવવાની યોજના હતી તો અત્યાર સુધી કેટલા લાભાર્થીઓને દુકાનો મળી? કેટલા લાભાર્થીઓની યાદી તૈયાર થઈ? ફાળવણીના માપદંડ શું રાખવામાં આવ્યા? આ તમામ વિગતો જાહેર થવી જોઈએ. સંસ્થાનું મુખ્ય ઉદ્દેશ લાભાર્થીઓનું કલ્યાણ હોય તો દુકાન ફાળવણીમાં કોઈપણ પ્રકારની ગેરરીતિ કે ભેદભાવની શંકા ઊભી ન થાય તે માટે સંપૂર્ણ પારદર્શિતા જરૂરી છે.

ડાયરેક્ટરોની લડાઈમાં સંસ્થા ન પીસાય : રાહુલભાઈ

એસઆરસીના ડાયરેક્ટરો વચ્ચેના મતભેદો જો ખરેખર વધ્યા હોય તો તેની સીધી અસર સંસ્થાના વહીવટ પર ન પડે તે જરૂરી છે. ડાયરેક્ટરોની વ્યક્તિગત નારાજગી કે જૂથવાદને કારણે સંસ્થાના મહત્વના નિર્ણયો અટકે તો નુકસાન અંતે સભ્યો અને લાભાર્થીઓનું જ થાય છે. સંસ્થાના હોદેદારો માટે વ્યક્તિગત અહંકાર કરતાં સંસ્થાનું હિત વધારે મહત્વનું હોવું જોઈએ. અમદાવાદની ઘટનાના પડઘા હોય કે ચૂંટણીના સમીકરણો, તમામ મતભેદો સંસ્થાની અંદર ઉકેલવા જરૂરી છે. ડાયરેક્ટરો વચ્ચે સંવાદ વધે અને સંસ્થાની કામગીરી નિયમિત રીતે ચાલે તે સમયની માંગ બની છે.

એસઆરસીમાં પારદર્શિતાના અભાવ ઉડીને આંખે વળગ્યો

એસઆરસીના વહીવટને લઈને એક પછી એક સવાલો ઊભા થતા જતા હવે સંસ્થા ખરેખર સેવા માટે કાર્યરત છે કે પછી માત્ર વ્યવહારોનું કેન્દ્ર બની ગઈ છે તેવી ચર્ચા શરૂ થઈ છે. ચા-બિસ્કિટના ખર્ચથી લઈને બિલ્ડિંગના રિનોવેશન અને દુકાનોની ફાળવણી સુધીના મુદ્દાઓ અંગે જો પારદર્શિતા નહીં હોય તો શંકાઓ ઊભી થવી સ્વાભાવિક છે. સંસ્થાની આવક ક્યાંથી આવે છે અને ખર્ચ ક્યાં થાય છે તેની વિગતો સભ્યો સમક્ષ મૂકવી જરૂરી છે. કોઈ વ્યક્તિ કે જૂથ સામે સીધો આક્ષેપ કરતાં પહેલાં દસ્તાવેજી હિસાબ જાહેર થાય તે જરૂરી છે, જેથી સાચી હકીકત સામે આવે.

લોક ભાસ્કર ન્યુઝ, ગાંધીધામ : આદિપુર ખાતે આવેલી સિંધુ રીસેટલમેન્ટ કોર્પોરેશન લિ. (એસઆરસી)માં આંતરિક ખેંચતાણ અને મતભેદને લઈને ફરી ચર્ચાઓ શરૂ થઈ છે. અમદાવાદમાં બનેલા થપ્પડકાંડ બાદ સંસ્થાના આઠેય ડાયરેક્ટરો વચ્ચે કડવાશ વધી હોવાની ચર્ચા છે અને એકબીજાની શકલ જોવાનું પણ ટાળી રહ્યા હોવાની વાતો સંસ્થાના વર્તુળોમાં વહેતી થઈ છે.

આગામી ચૂંટણીને લઈને પણ એસઆરસીમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. સૂત્રોના જણાવ્યા મુજબ થવાની, સેવક, લલિત અને મહેશ ચૂંટણી નહીં લડે તેવી ચર્ચા ચાલી રહી છે. બીજી તરફ સંસ્થાના મેનેજરની ચિંતા પણ ચર્ચાનો વિષય બની છે. આખરે ચૂંટણી પૂર્વે એવી કઈ મુશ્કેલી ઊભી થઈ રહી છે કે મેનેજમેન્ટમાં ચિંતાનું વાતાવરણ છે તે સવાલ ઉઠી રહ્યો છે. સંસ્થાના વહીવટમાં ખર્ચને લઈને પણ સવાલો છે. એક મહિનાના ચા-બિસ્કિટના બિલનો આંકડો ૩.૧ લાખ હોવાની ચર્ચાએ ચકચાર જગાવી છે. બીજી તરફ ચૂંટણીને ધ્યાનમાં રાખીને એસઆરસી બિલ્ડિંગનું રિનોવેશન શરૂ કરાયું હોવાની વાત પણ ચર્ચામાં છે. ગરીબોને દુકાનો આપવાના વાયદા અંગે પણ પ્રશ્નો ઊઠ્યા છે. "અમે સેવા કરવા આવ્યા છીએ" કહેનારા સંચાલકો હવે સંસ્થાની આવક-જાવક અને ખર્ચમાં પારદર્શિતા ક્યારે લાવશે તે જોવું રહ્યું.

ભુજ-માધાપરમાંથી ભારતીય સેનાના પ્રતિબંધિત યુનિફોર્મનો મોટો જથ્થો ઝડપાયો



ભુજ : કચ્છમાં મિલિટરી ઈન્ટેલિજન્સ અને ભુજ બી-ડિવિઝન પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ રીને ભુજ તથા માધાપરના આર્મી સ્ટોર્સમાંથી ભારતીય સેનાના પ્રતિબંધિત યુનિફોર્મ અને કાપડનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. ૫૦ જોડી કોમ્બેટ ડ્રેસ, ૨૮૦ નંગ ટોપીઓ મળી આવી ચોક્કસ બાતમીના આધારે ભુજના આર.ટી.ઓ. સર્કલ પાસે આવેલ 'ઢાકા આર્મી જનરલ સ્ટોર' અને માધાપરના 'રાઘવ આર્મી સ્ટોર' પર દરોડા પાડવામાં આવ્યા હતા. આ તપાસ દરમિયાન ભારતીય આર્મીના નવા કોમ્બેટ યુનિફોર્મનું ૧૨૮ મીટર કાપડ, ૫૦ જોડી કોમ્બેટ ડ્રેસ, ૨૮૦ નંગ ટોપીઓ અને ૩૬ નંગ કોટ-જેકેટ સહિતનો ગેરકાયદે સંગ્રહિત મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આ બનાવ અંગે હેડ કોન્સ્ટેબલ વિક્રમસિંહ પરમારની ફરિયાદના આધારે પોલીસે નથુસિંહ ઈશ્વરામ ઢાકા (રહે. સીકર, રાજસ્થાન), કાનજી તેજા મહેશ્વરી (રહે. ભુજ) અને દુકાન માલિક તારાચંદ રામકુમાર શિવરાન સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કોમ્બેટ યુનિફોર્મનું ખુલ્લા બજારમાં વેચાણ કે સંગ્રહ કરવા પર સખત પ્રતિબંધ ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૩થી સેનાના નવા ડિઝાઈનવાળા કોમ્બેટ યુનિફોર્મનું ખુલ્લા બજારમાં વેચાણ કે સંગ્રહ કરવા પર સખત પ્રતિબંધ છે. રાષ્ટ્રીય સુરક્ષા સાથે ચેડાં કરતી આ ગેરકાયદે પ્રવૃત્તિ સામે પોલીસ અને સુરક્ષા એજન્સીઓની આકરી કાર્યવાહીથી વેપારી આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે.

કચ્છમાં નવા સીએનજી પંપ શરૂ કરવા સાંસદ વિનોદ ચાવડાની રજૂઆતઃ પેટ્રોલિયમ કંપનીઓને લખ્યા પત્ર

ભુજ : કચ્છમાં નવા સીએનજી પંપ શરૂ કરવા સાંસદ વિનોદ ચાવડાએ રજૂઆત કરી છે. કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (સી.એન.જી) વાહનો માં વપરાતું એક સ્વસ્છ અને પર્યાવરણ ને અનુકુળ ઈંધણ છે. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વારંવાર સી.એન.જી ગેસ વાપરવા અપીલ કરેલ છે. વાહનો અને પર્યાવરણ માટે ખુબજ અગત્ય નું છે. અને હવે ભારતભરમાં સી.એન.જી વાહનો પણ ઉપલબ્ધ છે. પરંતુ કચ્છ માં હજુ પણ સી.એન.જી પંપો ખુબજ ઓછા છે, વપરાશ અને વાહનો ની સંખ્યા ની દ્રષ્ટિ એ પંપો ઘણા ઓછા છે. સી.એન.જી વપરાતા વાહન ધારકો ને લાંબી લાઈનો માં ઉભું રહેવું પડે છે, સમયનો વેડફાટ થાય છે.તેમ સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યું છે. સાંસદ સાંસદ વિનોદ ચાવડા તરફથી ભારત પેટ્રોલીયમ, ઈન્ડિયન ઓઈલ, હિન્દુસ્તાન પેટ્રોલીયમ, ગુજરાત ગેસ, અદાણી ટોટલ ગેસના ડાયરેક્ટરશ્રીઓને ગાંધીધામ – અંજાર – આદિપુર તથા કચ્છ નાં વિવિધ તાલુકાઓ માં જરૂરિયાત મુજબ સી.એન.જી પંપો સ્થળ પસંદગી તથા અન્ય જરુરી પ્રક્રિયા હાથ ધરી વહેલી તકે સુવિધા ઉપલબ્ધ કરાવવા ભલામણ પત્રો લાખેલ છે. ઉપરોક્ત બાબતે જનહિત ની દ્રષ્ટીએ પ્રાથમિકતા આપી હકારાત્મક અને ઝડપી કાર્યવાહી કરવા સાંસદ વિનોદ ચાવડાએ અનુરોધ કરેલ છે.

ગાંધીધામના સપનાનગરમાંથી વિદેશી દારૂના જંગી જથ્થા સાથે એક શખ્સ ઝડપાયોઃ ૨ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત



ગાંધીધામ : પૂર્વ કચ્છ પોલીસ વિસ્તારમાં પ્રોહીબીશન અને જુગારની અસામાજિક પ્રવૃત્તિઓને સંપૂર્ણપણે ડામી દેવા માટે સરહદી રેન્જ-ભુજના પોલીસ મહાનિરીક્ષક શ્રી ચિરાગ કોરડીયા, પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક શ્રી સાગર બાગમાર તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી મુકેશ ચૌધરી (અંજાર વિભાગ) તરફથી મળેલી કડક સૂચનાઓના પગલે ગાંધીધામ "બી" ડિવિઝન પોલીસે સફળ કામગીરી પાર પાડી છે.


પોલીસ ઈન્સ્પેક્ટર એસ.વી. ગોજીયાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ ગાંધીધામના સપનાનગર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે સપનાનગર વિસ્તારમાં આવેલા મકાન નંબર E-53 (NU-4) ખાતે દરોડો પાડવામાં આવ્યો હતો.

પોલીસે મકાનની તલાશી લેતા અંદર સંતાડી રાખવામાં આવેલો ૧૩ અલગ-અલગ બ્રાન્ડનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી આરોપી જીતેન્દ્ર ભાટિયાની અટકાયત કરી પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પકડાયેલ આરોપીની વિગતમાં જીતેન્દ્રભાઈ પરષોત્તમભાઈ ભાટિયા (ઉંમર વર્ષ ૪૦, રહે. મકાન નં. E-53, NU-૪, સપનાનગર, ગાંધીધામ) તથા વોન્ટેડ આરોપીમાં યોગેશભાઈ (રહે. રાજસ્થાન - વિદેશી દારૂનો જથ્થો સપ્લાય કરનાર) અને કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલમાં ૭૫૦ એમ. એલ.ની અલગ-અલગ બ્રાન્ડની બોટલ નંગ-૧૪૭ (કિંમત રૂ. ૧,૪૬,૦૫૦), ૩૭૫ એમ.એલ.ની અલગ-અલગ બ્રાન્ડની બોટલ નંગ-૪૫ (કિંમત રૂ. ૨૦,૫૨૩/-), ૧૮૦ એમ. એલ.ની અલગ-અલગ બ્રાન્ડની બોટલ નંગ-૧૨૦ (કિંમત રૂ. ૨૯,૯૭૬), મોબાઈલ ફોન નંગ-૧ (કિંમત રૂ. ૧૦,૦૦૦) એમ કુલ મુદ્દામાલઃ રૂ. ૨,૦૬,૫૪૯/- (કુલ ૩૧૨ બોટલ)

આ કામગીરી કરનારમાં ગાંધીધામ "બી" ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ. વી. ગોજીયા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર એલ.એન. વાઢીયા તથા સર્વેલન્સ સ્ટાફના જવાનો દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી હતી. પોલીસે દારૂ સપ્લાય કરનાર રાજસ્થાનના શખ્સ સામે પણ ગુનો દાખલ કરી આગળની તપાસ તેજ કરી છે.

જાહેર નોટીસ ચેતવણી



કરસન હરતન રબારી, ઉ.વ.૨૧

આથી અમો, હરતન ભચુભાઈ રબારી રહે. ચામુંડાનગર, ભારતનગર રોડ, ગાંધીધામ જાહેર જનતાને આ નોટીસથી ચેતવણી આપીને જાહેર કરીએ છીએ કે, અમારો પુત્ર, કરસન ઉ.વ.૨૧ વાળો અમારા કહ્યામાં નથી અને પોતાની રીતે સ્વચ્છદ મનસ્વી જીવન જીવે છે જેથી અમોએ તેની સાથેનાં તમામ સામાજિક સંબંધો પુરા કર્યા છે. અમારી મિલ્કતમાંથી તેને બેદખલ કરીએ છીએ. તેની સાથે જે કોઈપણ વ્યવહાર કરે તો તે પોતાનાં હિસાબે તથા જોખમે કરે, તેનાં કોઈપણ વ્યવહાર માટે અમો જવાબદાર રહેશું નહીં, જેની નોંધ લેવી.

સહી કરનાર
હરતન ભચુભાઈ રબારી

અમારી મારફતે :-
દિલીપકુમાર પી.જોશી
જોશી લો ચેમ્બર્સ : નારાણભાઈ ગઢવી,
વિપુલ ખાંડેકા, અંકીતા સોની
ફોન નં.૯૪૨૬૨ ૧૭૯૦૩

Printed, Published and Ownered by GONDALIYA VARSHABEN JAYSUKHBHAI and Printed at Nirmanl Gujarat Offset, 1 Thakkarbapa Ahram, Behind Railway Station Road, Naroda Ahmedabad-380 021 and Published at H.O. : B-5, Jyotidham Residential, Singarva, Ahmedabad-382430. Editor : Gondaliya Poojaben Jayshukhbhai (As per PRB Act) M-9904487666